### હિન્દુ સંગઠનોમાં આક્રોશ, આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા માંગ

## શિનોરના ભૂતેશ્વર મહાદેવ મંદિરમાં અસામાજિક તત્વો દ્વારા તોડફોડ

**ઈદના** તહેવાર પૂર્વે ગામનું વાતાવરણ બગાડવાનું ષડયંત્ર, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત અને સઘન તપાસ શરૂ

(પ્રતિનિધિ) શિનોર, તા.26

શિનોર મા ગઈ કાલે તા. 25 ના રોજ નર્મદા કિનારે માછીવાડ મડદાબારી ના ઓવરા પાસે આવેલ ભૂતેશ્વર મહાદેવ ના મંદિરે કોઈ હરામખોરો દ્વારા નંદી ને ઉખાડી અને કાચબા નુ મો તોડી નાખી મંદિર ના પટાગણ મા નાખી દઈ નુકશાન કરતા હિન્દુઓની લાગણી દુભાઈ હોય લોક ટોળા ઉમટી પડ્યા હતા. આ વાત ની જાણ પોલીસ ને થતા સ્થળ પર આવી તપાસ હાથ ધરી હતી. જ્યારે આજરોજ આ બાબતે બજરંગદળ, વિશ્વ હિન્દુ પરિષદ, દુર્ગાવાહીની શિનોર અને સમસ્ત હિન્દુ સમાજ દ્વારા મામલતદાર શિનોર ને આવેદનપત્ર આપી આવા તત્વો ને ઝડપી પાડી યોગ્ય સજા અપાવવા માંગ કરી હતી.

શિનોર પોલીસ સ્ટેશન ની આગળ નર્મદા નદીએ જવાના માર્ગ આવેલ છે. ત્યાં નદી કિનારે માછીવાડ મડદાબાળી ના ઓવરા પાસે ભૂતેશ્વર મહાદેવ નુ મંદિરે આવેલ છે. હાલ આ મંદિરે જર્જરિત હોય મંદિર નુ રીપેરીંગ કામ ચાલુ છે. ગઈ કાલે બપોરબાદ મંદિર ની કામગીરી બંધ હતી. ત્યારે તેનો લાભ લઈ કોઈ વિકૃતવૃત્તિ ધરાવતો કોઈ અસામાજિક તત્વો દ્વારા મંદિરમા બિરાજમાન નંદી ને ઉખાડી નાખી







અને આગળ સ્થાપિત કરેલ કાચબા નુ મો તોડી નાખી મંદિર ની બહાર પટાંગન મા ફેંકી દીધું હતું. તેમજ મંદિર ના કામકાજ માટે બાંધેલ વાસ ના બમ્બુ પણ તોડી નાખ્યાં હતો અને વીજ વાયર પણ તોડી નાખેલ.

આ વાત મોડી સાંજે ગામના યુવાનો અને રહેવાસીઓ ને ખબર પડતા આખા ગામમાં આ વાત વાયુ વેગે ફેલાઈ ગઈ હતી.મંદિરે જોવા માટે યુવાનો અને ગ્રામજનો જોવા માટે જતા ટોળું ભેગું થઇ ગયું હતું. આ વાત ની જાણ પોલીસ ને થતા પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી. ગામના બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ ના યુવાનોએ આ બાબતે ભેગા મળી પોલીસ ને રજૂઆત કરી હતી. પોલીસે બધા ને સમજાવી અને જેને પણ આ કૃત્ય કર્યું છે તેને પકડી પાડવાની હૈયાંધારણ આપી હતી. મોડી રાત્રે ડભોઈથી ડિવાએસપી આકાશ પટેલ, એલસીબી, એસોજી પોલીસ ટીમ પણ દોડી આવી હતી. શિનોર મામલતદાર મુકેશભાઈ બારીયા ને મંદિરની મૂર્તિને ખંડિત કરનાર આવા અસામાજિક પ્રવૃત્તિ, વિકૃતિ વૃત્તિ ધારાવનાર અને હિંદુઓની લાગણીને ઠેસ પોહચાડનાર અસામાજિક તત્વો ને વહેલી તકે ઝડપી પાડી કાનુની કાર્યવાહી કરી દાખલો બેસાડે અને નર્મદા નદીમાં ગટર નુ પાણી જતું હોય તાત્કાલિક બંધ કરાવે તેવી માંગ સાથેનુ આવેદનપત્ર મામલતદાર શિનોર આપી મૌખિક પણ રજૂઆત કરી હતી.

## કાળ બનીને આવેલી ઈકો કારે બાઈકને ઉડાવી, દંપતીનું મોત

**પૂરપાટ** ઝડપે આવતી ઈકો કારની ટક્કરે રાઠવા દંપતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત

(પ્રતિનિધિ) નસવાડી, તા.26

નસવાડી તાલુકાના ડણી ગામના પાટીયા નજીક ઈકો કાર અને મોટરસાઈકલ વચ્ચે અકસ્માત સર્જાતા પતિ- પત્ની ના મોત ગઢ બોરીયાદ સામુહિક આરોગ્ય કેન્દ્ર માં હંગામી કર્મચારી તરીકે નોકરી કરતા કર્મચારી નું મોત થતા સામુહિક આરોગ્ય કેન્દ્ર ના સ્ટાફ માં શૉક નો મોજુ.

નસવાડી તાલુકાના ગઢબોરીયાદ સામુહિક આરોગ્ય કેન્દ્ર માં હંગામી કર્મચારી તરીકે ઉપેન્દ્રભાઈ




કિશનભાઈ રાઠવા ફરજ બજાવે છે તેઓની પત્ની સુનિતાબેન ઉપેન્દ્રભાઈ રાઠવા બંનેવ પતિ પત્ની કવાંટ તાલુકાના જાંબા ગામે થી મોટરસાઈકલ લઈને ગઢબોરીયાદ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવવા માટે આવ્યા હતા કામગીરી પૂર્ણ થતા બપોર ના સમયે પરત ઘરે જવા માટે નીકળ્યા હતા જ્યારે નસવાડી તાલુકાના ડણી ગામના પાટીયા પાસે વળાંક ઉપર એક પૂરપાટ આવતી ઈકો ગાડી ના ચાલકે મોટરસાઈકલ ને ટક્કર મારતા પતિ અને પત્ની નું ઘટના સ્થળે મોત થતા આસપાસ થી લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક બંનેવ ના મૃતદેહ સામુહિક આરોગ્ય કેન્દ્ર ગઢબોરીયાદ ખાતે લઈ જવામાં આવ્યા હતા જ્યારે ઈકો ગાડી ચાલક અકસ્માત કરી ને ફરાર થઈ ગયો હતો પોલીસ તેને શોધી રહી છે. જ્યારે પોલીસ અકસ્માત નો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે થોડા કલાકો પહેલા ગઢબોરીયાદ સામુહિક આરોગ્ય કેન્દ્ર માં ફરજ બજાવી ને ગયેલ યુવાન નો મૃતદેહ પીએમ માટે એજ દવાખામાં માં આવતા ગઢબોરીયાદ સામુહિક આરોગ્ય કેન્દ્ર નો સ્ટાફ પણ શૉક મગ્ન બની ગયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રીમદ્ ભાગવત પારાયણના આઠમા દિવસે ભક્તિમય વાતાવરણ વચ્ચે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા




**પાદરા** : કાર્યક્રમની શરૂઆત મંગલ પૂજન તથા આરતી સાથે કરવામાં આવી હતી. સાથે જ ભાગવત દર્શનની શુભ શરૂઆત કરવામાં આવતા ભક્તોમાં વિશેષ આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે વડોદરાના ચાર વેદના પંડિતો દ્વારા યજ્ઞનારાયણનું વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. આજના દિવસે દશમ સ્કંધના સ્વાહાકાર પુણ્યનો વિશેષ મહિમા પણ ઉજવાયો હતો.ભાગવત પારાયણ દરમિયાન વડોદરાના પ્રખ્યાત શાસ્ત્રી કિરીટભાઈ દ્વારા આધ્યાત્મિક પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે શ્રીકૃષ્ણના ગૃહસ્થ જીવન અને તેમના આદર્શ જીવનમૂલ્યો ઉપર સુંદર પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ વડોદરાના શિલ્પાબેન જોશી દ્વારા ગજેન્દ્ર મોક્ષ વિષય ઉપર હૃદયસ્પર્શી પ્રવચન કરવામાં આવ્યું હતું. તેમણે ગજેન્દ્ર મોક્ષના આધ્યાત્મિક રહસ્યો અને ભક્તિના મહિમાનું સુંદર વર્ણન કરતાં ભક્તોને ભાવવિભોર બનાવી દીધા હતા. સાંજના સમયે નારેશ્વરના સુરેશભાઈ દેસાઈ દ્વારા ભજન સંધ્યાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

### છોટાઉદેપુર જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે નવનિયુક્ત પદાધિકારીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે આજરોજ એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવ્યા બાદ, છોટાઉદેપુર જિલ્લા પંચાયત તેમજ જિલ્લાની તમામ તાલુકા પંચાયતોના નવનિયુક્ત પ્રમુખ, ઉપપ્રમુખ અને ચુંટાયેલા સભ્યોના સ્વાગત માટે આ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.છોટાઉદેપુર જિલ્લા પંચાયત સહિત જિલ્લાની સાત માંથી ૬ (છ) તાલુકા પંચાયતો અને બોડેલી નગરપાલિકા પર ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને કેસરિયો લહેરાવ્યો છે. આ ઐતિહાસિક જીતને પગલે પક્ષના કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે આયોજિત આ સમારોહમાં ઉપસ્થિત તમામ નવનિયુક્ત પદાધિકારીઓનું જિલ્લા ભાજપ અધ્યક્ષ દ્વારા પરંપરાગત રીતે શ્રીફળ આપી અને પુષ્પહાર પહેરાવીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

### ગંગા દશાહરા મહોત્સવની પુર્ણાહુતી : ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે ગંગા પૂજન કર્યુ



**ચાંદોદ** : માં ગંગાના પૃથ્વી પર અવતરણ દિવસ તથા પવિત્ર "ગંગા દશાહરા પર્વ" નિમિતે દર્ભાવતી ડભોઈ તાલુકાના દક્ષિણ પ્રયાગ તીર્થસ્થાન ચાંદોદના મલ્હારરાવ ઘાટ ઉપર ભક્તિમય વાતાવરણ વચ્ચે 10 દિવસ ગંગા દશાહરા પર્વ ની ઉજવણી કરાઈ હતી ત્યારે પુર્ણાહુતી ના અંતિમ દિવસે બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ધારાસભ્ય શૈલેષ મહેતા તથા તેમના પત્ની મીનાબેન મહેતાએ પરિવાર સાથે માં નર્મદા મૈયાની વિધિવત પૂજા-અર્ચના કરી ચુંદડી અર્પણ કરી હતી. આ પ્રસંગે સંઘના પ્રચારક,પી.એસ.આઈ દેવાંગીબેન પંડ્યા સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ માં નર્મદા અને માં ગંગાની પૂજન-અર્ચના કરી આધ્યાત્મિક ધન્યતા અનુભવી હતી. "નર્મદે હર ગંગે હર"ના જયઘોષથી સમગ્ર મલ્હારરાવ ઘાટ ભક્તિમય બની ગુંજી ઉઠ્યો હતો. અંતે સર્વે ભક્તોએ માં ગંગા તથા માં નર્મદાને પ્રાર્થના કરી કે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય વરસે તેમજ સૌની મનોકામનાઓ પૂર્ણ થાય.

### ભોજ ગામની શાળાનું ગૌરવ: આચાર્ય રાજેશ અમીનને એનાયત થયો "ગુજરાત ગૌરવ એવોર્ડ"



**પાદરા** : પાદરા તાલુકાના ભોજ ગામ સ્થિત શ્રી આર.બી. પટેલ વિદ્યાલય માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા રાજેશ બી. અમીનને શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન બદલ "ગુજરાત ગૌરવ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો છે. પાલનપુર ખાતે તા. 23/05/2026 ના રોજ યોજાયેલા ભવ્ય ગુજરાત ગૌરવ એવોર્ડ સમારોહમાં પેડમેન તરીકે જાણીતા નયન ચત્રારિયા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહ દરમિયાન ફિલ્મ ડાયરેક્ટર વિકાસ વર્મા તથા તારક મહેતા ફેમ અભિનેતા શરદ શૃંખલા હસ્તે રાજેશ અમીનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ પ્રાપ્ત થતાં ભોજ ગામ તેમજ સમગ્ર શિક્ષણ જગતમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. શાળાના ટ્રસ્ટીઓ, સ્ટાફ મિત્રો તથા મિત્રમંડળ દ્વારા રાજેશ અમીનને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને તેઓ ભવિષ્યમાં પણ શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

### કૌભાંડ, બેદરકારી અને જવાબદારીના અભાવે સહકારી ક્ષેત્રે વિશ્વાસ ગુમાવ્યો

## ડભોઈમાં સહકારી ક્ષેત્રને મોટો ફટકો ૧૮ મંડળીઓ બંધ થતાં આર્થિક કટોકટી

**એક** સમયનું સહકારી હબ આજે સૂનકારમાં ફેરવાયું, વેપારીઓ અને રોકાણકારોમાં નિરાશા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.26

એક સમય એવો હતો જ્યારે સમગ્ર જિલ્લામાં સહકારી ક્ષેત્રે ડભોઈનું આગવું સ્થાન ગણાતું હતું. નેવાંના દાયકામાં શહેરમાં વિસથી વધુ સહકારી મંડળીઓ અને બેંકો ધમધમતી હતી. વેપારીઓથી લઈને સામાન્ય સભાસદ સુધી સૌ માટે આ મંડળીઓ આર્થિક આશીર્વાદ સમાન હતી. ડ્રાફ્ટની ઝડપી સુવિધા, સી.સી. લોન, સભાસદ લોન તથા ગોલ્ડ લોન જેવી સેવાઓને કારણે ડભોઈના બજારમાં આર્થિક પ્રવાહ સતત જળવાતો હતો. સાંજના પાંચ-સાડા પાંચ વાગ્યા પછી પણ ડ્રાફ્ટની સુવિધા મળતી હોવાથી વેપારીઓ માટે ડભોઈ સહકારી ક્ષેત્રનું કેન્દ્રબિંદુ બની ગયું હતું.

પરંતુ સમય જતાં સહકારી ક્ષેત્રે ભારે આંચકો અનુભવવો પડ્યો. સુરત સ્થિત બેંક ઓફ બરોડાના થાપણ-કમ-ધીરાણ કૌભાંડ બાદ ગુજરાતની અનેક અગ્રણી સહકારી બેંકો અને મંડળીઓ આર્થિક સંકટમાં સપડાઈ ગઈ. પરિણામે ડભોઈની નાગરિક સહકારી બેંક, મહાલક્ષ્મી બેંક, સિટી કો-ઓપ., રોશન કો-ઓપ., દ્વારકેશ, આદિત્ય, દર્ભાવતી, પિપલ્સ, સર્વોદય, કામધેનુ, મહેદવીયા, અર્બન સહિત અઢાર જેટલી મંડળીઓ એક પછી એક ફડચામાં જતાં બંધ થવા પામી છે. આજે આ સંસ્થાઓની ઈમારતો પર કાટ ચડી ગયો છે અને શહેરના આર્થિક વ્યવહારો ખોરંભે પડી ગયા છે.

સ્થાનિક લોકોના મતે ગુજરાતમાં સહકારી મંડળી કે બેંક ફડચામાં જાય ત્યારે ડિરેક્ટર મંડળની સીધી જવાબદારી નક્કી થતી નથી, જ્યારે મહારાષ્ટ્રમાં આવાં કેસોમાં ડિરેક્ટર બોર્ડને જવાબદાર ઠેરવવાની જોગવાઈ હોવાથી ત્યાંનું સહકારી ક્ષેત્ર વધુ મજબૂત અને વિશ્વસનીય ગણાય છે.

### બ્રિજ પરથી પસાર થવું બન્યું જોખમી

## મેરીયા બ્રિજ પર ભયજનક ખાડા, વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) બોડેલી, તા.26

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી અને જબુગામ વચ્ચે મેરીયા બ્રિજ ઉપર ભયજનક ખાડાઓનો સામ્રાજ્ય જોવા મળે છે વાહન ચાલકો પોતાના વાહન કઈ રીતે પસાર કરવું એ વિચારમાં બ્રિજ ઉપરથી પસાર થતા હોય છે જ્યારે સમગ્ર મામલે આ ખાડાઓ ઘણા સમયથી જોવા મળે છે પરંતુ તેનો ચોક્કસ નિકાલ આપવામાં આવતો નથી વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર મેરિયા બ્રિજ ઉપર ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ભારધારી વાહનો બંધ કરવામાં આવેલ છે અને તેને લગતી ખામીઓ માટે હાલ બ્રિજ નીચે કામગીરી ચાલી રહી છે પરંતુ બ્રિજ ઉપર આ ભયંકર ખાડાઓ કામગીરી દરમિયાન



પણ પૂરી શકાય એમ છે છતાં પણ આ બાબતે કોઈ ચોક્કસ ધ્યાન આપવામાં આવતું નહીં અને જેને લઈ વાહન ચાલકો આજે પરેશાન થઈ રહ્યા છે અને પોતાના લાખોની કિંમતોના મોંઘા વાહનોને નુકસાન સહન કરી રહ્યા છે જેથી કરીને વહેલી તકે ચાલુ કામગીરી દરમિયાન જ આ ખાડાઓ પુરવામાં આવે એવી ઉગ્ર માંગ ઉઠી રહી છે.

### આઈ.ટી.આઈ. શિનોર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયા કાર્યરત

શિનોર : ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.), શિનોર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે વિવિધ વ્યવસાયિક કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, જે વિદ્યાર્થીઓ સંસ્થામાં વિવિધ ટ્રેડમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય, તેઓએ નિયત સમયમર્યાદામાં ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. આ પ્રવેશ પ્રક્રિયા માટે ઉમેદવારોએ અધિકૃત વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૩ જૂન, ૨૦૨૬ નિર્ધારિત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયા અંગે કોઈ માર્ગદર્શન કે સહાયની જરૂર હોય, તો તેઓ શિનોર ખાતે રેલ્વે ફાટક પાસે આવેલી આઈ.ટી.આઈ. સંસ્થાની કચેરી ખાતે રૂબરૂ સંપર્ક કરી શકે.

### પ્રોહિબિશનના ત્રણ અલગ અલગ ગુનાઓમાં હજારો નો દારૂ ઝડપાયો

પાદરા : પાદરા તાલુકામાં પ્રોહિબિશનના ગુનાઓ સામે પોલીસ દ્વારા સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પાદરા પોલીસ અને એલ.સી.બી. ટીમે અલગ અલગ વિસ્તારોમાં રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડી ગુનાઓ નોંધ્યા છે. પહેલી કાર્યવાહી દરમિયાન ભાથુજીવાળા ફળીયા વિસ્તારમાં રેઈડ કરી હિતેશભાઈ અર્જુનભાઈ બારીયા ભારતીય બનાવટના વિદેશી દારૂના ક્વાર્ટર નંગ 48 ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. બીજી ઘટનામાં પાદરા ટાઉનના ભોખણ ખાડા ચોકડી પાસે દારૂનો જથ્થો ઝડપાયો હતો. અશોકભાઈ પ્રભાતભાઈ ભોઈ પાદરાને ભારતીય વિદેશી દારૂના પ્લાસ્ટિક ક્વાર્ટર નંગ 7 સાથે ઝડપી પાડ્યો હતો.

## ડુંગરવાટ ડાઈવર્ઝન પર મોટો ભુવો :મોટા અકસ્માતની દહેશત

**તંત્ર** દ્વારા તાત્કાલિક રિપેરિંગ કરવાની ઉઠી માંગ

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.26

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ડુંગરવાટ ગામ પાસે ભારજ નદી પર આવેલ બ્રિજ હાલ વાહન વ્યવહાર માટે બંધ હોવાથી તમામ નાના-મોટા વાહનો બ્રિજની બાજુમાં બનાવવામાં આવેલ ડાઈવર્ઝન પરથી પસાર થઈ રહ્યા છે. ડાઈવર્ઝન પર પાણીના નિકાલ માટે મોટા પાઈપો મુકીને નાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે, પરંતુ હાલમાં ત્યાં મોટો ભુવો પડી જતાં માર્ગ જોખમી બન્યો છે. જેના કારણે રોજબરોજ પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આ માર્ગ પાવીજેતપુર અને



કદવાલ તાલુકાને જોડતો મહત્વનો મુખ્ય માર્ગ હોવાથી અહીંથી ભારે પ્રમાણમાં વાહન વ્યવહાર પસાર થાય છે. ખાસ કરીને વરસાદી માહોલ વચ્ચે ડાઈવર્ઝનની હાલત વધુ ખરાબ બને તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકો અને વાહનચાલકોએ તંત્ર સમક્ષ માંગ ઉઠાવી છે કે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં તાત્કાલિક અસરથી ડાઈવર્ઝનની મરામત કામગીરી હાથ ધરવામાં આવે અને સુરક્ષાની જરૂરી વ્યવસ્થા કરવામાં આવે.

### જાહેરમાં હથિયાર પ્રદર્શનથી વિસ્તારમાં ફેલાયો હતો ફફડાટ

## પાદરામાં જાહેરમાં તલવાર સાથે દોડાદોડી કરનાર શખ્સોની અટકાયત

(પ્રતિનિધિ) પાદરા, તા.26

પાદરા શહેરમાં અસામાજિક તત્વો સામે પાદરા પોલીસે સખ્ત કાર્યવાહી હાથ ધરી જાહેરમાં તલવાર સાથે દોડાદોડી કરનાર ૬ શખ્સોની અટકાયત કરી કાર્યવાહી કરી છે. પોલીસમાંથી મળતી માહિતી મુજબ, તા. 24/05/2026 ના રોજ રાત્રે પાદરા ખાતે પાતાળીયા હનુમાન મંદિર તરફ જવાના રોડ ઉપર આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ વિસ્તારમાં કેટલાક યુવકો જાહેરમાં ખુલ્લી તલવાર સાથે દોડાદોડી કરતા હોવાનો વિડીઓ વાઈરલ થયાની ઘટના સામે આવી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ બનાવ અંગે પાદરા પોલીસ



સ્ટેશનમાં જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ PART-બી ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી કુલ ૬ ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં મુખ્ય આરોપી તરીકે રાહુલભાઈ ઉર્ફે ભયલુસિંઘ રમેશભાઈ વસાવા (ઉ.વ.22), રહે. ફતેપુરા, વીમા દવાખાના પાછળ ઝુંપડપટ્ટી, વારસિયા, વડોદરા શહેરની અટકાયત કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસ દરમિયાન આરોપીઓ જાહેરમાં હથિયાર સાથે ફરતા મળી આવ્યા હતા, જેના કારણે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ થયો હોવાનું પોલીસે નોંધ્યું છે. બનાવ અંદરો અંદર બબાલ થઈ હોવાથી સોંપો પાડવા તલવાર લઈને નીકળ્યા હતો રાહુલ વસાવા., રાહુલ વસાવા ભૂંડ પકડવાનું કામ કરે છે. આ અંગે પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી. ગોહિલે જણાવ્યું હતું કે, પાદરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ સતત પેટ્રોલિંગ અને નજર રાખી રહી છે. જાહેરમાં હથિયારો સાથે આતંક ફેલાવનાર કે અસામાજિક પ્રવૃત્તિ કરનાર તત્વો સામે કડક અને સખ્ત કાર્યવાહી કરવામાં આવશે. કાયદાનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે.

### વિભાગીય વિશ્લેષણ સમિતિ દ્વારા રદ કરવા હુકમ કરવામાં આવ્યો

## છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખ મંજુલાબેન કોલીનો જાતિનો દાખલો રદ કરવા હુકમ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર , તા.26

છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખ તરીકે સત્તારૂઢ મંજુલાબેન કોલીનો અનુસૂચિત જાતિનો દાખલો રદ કરવા વિભાગીય વિશ્લેષણ સમિતિ વડોદરા દ્વારા રદ કરવા હુકમ કરવામાં આવ્યો છે જ્યારે અધિનિયમ 2018 હેઠળ કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવ્યા છે વિભાગીય વિશ્લેષણ સમિતિ દ્વારા 1999 અને 2000 ના જાતિ પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યા હોય જે હુકમ થતાં સમગ્ર છોટાઉદેપુર નગરમાં ખળભળાટ મચી ગયો છે.

છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી ગત વર્ષે યોજાઈ જેમાં એસટી અનામત બેઠક પરથી વોર્ડ નંબર 4માંથી મંજુલાબેન ચૂંટણી જીતી ગયા હતા પરંતુ અરજદાર દ્વારા અરજી કરવામાં આવતા અને તેનો કેસ ચાલી જતા વિભાગ વિશ્લેષણ સમિતિ દ્વારા તપાસ કરવામાં આવતા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાઠવા મંજુલાબેન છત્રસિંહભાઈ વિરુદ્ધ નાયકા વિજયભાઈ નાનિયાભાઈ રહેવાસી સઈદ નગર છોટાઉદેપુર દ્વારા 24/ 3/ 2025 ના રોજ વિભાગીય વિશ્લેષણ સમિતિ ખાતે વિગતો સાથે અરજી કરવામાં આવી હતી જેમાં જણાવ્યું હતું કે છોટાઉદેપુર વોર્ડ નંબર 4માં અનુસૂચિત જનજાતિ સ્ત્રી રિઝર્વ સીટ હોય તારીખ 5/ 2/ 25 ના રોજ છોટાઉદેપુર નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં



મંજુલાબેન કોલી પ્રમુખ તરીકે ઉમેદવારી કરી અને પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલ હોય જે અરજીમાં રજૂઆત કરતા નાયકા વિજયભાઈ નાનીયા ભાઈ એ જણાવ્યું હતું કે નગરપાલિકા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલ મંજુલાબેન કિસનભાઈ કોલી ખોટા જાતિ પ્રમાણપત્ર કઢાવી ગેરલાભ રીતે લાભ મેળવી અને એસટી બીજા ઉમેદવારોના હક માર્યો હોય જે વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા અને ફોજદારીનો ગુનો નોંધી કાર્યવાહી કરવા તેમજ મંજુલાબેન કોલી છોટાઉદેપુર નગરપાલિકાના 2025 માં થયેલ પ્રસ્તુત ચૂંટણીનું પરિણામ રદ કરવા વિનંતી કરવામાં આવી હતી.

જે અંગે તપાસ આદરી વિશ્લેષણ સમિતિએ હુકમ કર્યો છે કે મંજુલાબેન કોલી ના બંને પ્રમાણપત્રો રજૂ કર્યા હોય જે રદ કરવા અને મામલતદાર દ્વારા મંજુલાબેન કોલી પાસેથી બંને જાતિના પ્રમાણપત્રો જપ્ત કરી રદ કરેલું અને જપ્ત કરેલું તેનો પ્રમાણોનો સિક્કો મારી પ્રમાણપત્ર પોતાના હસ્તક રાખી અને અધિનિયમ 2018 ની કલમ 11 અને 12 હેઠળ નિયમો અનુસાર કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવ્યો છે.

### બોડેલીમાં હાઇવે પર કાળમુખો ડમ્પર અકસ્માત

## ઉભેલી હાઈવામાં બાઈક ઘુસી જતાં યુવકનું કરુણ મોત

(પ્રતિનિધિ) બોડેલી, તા.26

બોડેલી તાલુકાના જબુગામ કૃષિ યુનિવર્સિટી નજીક હાઈવે પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. રોડની સાઇડમાં ઉભેલી રેતી ભરેલી હાઈવા ટ્રકમાં બાઈક ઘુસી જતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, મૂળ મૂલચારી ગામના મેહુલ રાઠવા બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે હાઈવેની સાઇડમાં ઉભેલા રેતીના ડમ્પરમાં તેમની બાઈક જોરદાર રીતે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે યુવકનું સ્થળ પર જ મોત થયું હતું.

ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. અકસ્માતની જાણ



થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે, એક દિવસ અગાઉ પણ બોડેલીના મોડાસર પાસે ઊંચાપાણ નજીક રેતીના ડમ્પરે બાઈક ચાલકને અડફેટે લેતા એક વ્યક્તિનું મોત થયું હતું. સતત બે દિવસમાં અકસ્માતની આવી ચાર ઘટનાઓ સામે આવતા સ્થાનિકોમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.